ખેડબ્રહ્માના બે મંદિરોમાં તસ્કરોનો હાથફેરો

ભક્તિનગરના અર્બુદા મંદિર તથા બાપાસીતારામ મંદિરોને તસ્કરોએ નિશાન બનાવ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્માના ભક્તિનગરમાં આવેલા અર્બુદા માતાજી મંદિર તથા રેલવે સ્ટેશન નજીક આવેલા બાપાસીતારામ મંદિરો પર ગુરૂવારે મધરાત્રે ત્રાટકેલી તસ્કર ટોળકી હજારોની માલમત્તાની ચોરી કરી ભાગી છુટતા શહેરનું પોલીસતંત્ર દોડતુ થઈ ગયું હતું. તસ્કર ટોળકીએ ભંડારની રકમ ચાંદીનું છત્ર-તલવાર ડીવીડી-ચોકીદારની પેન્શનની રકમ-ફીક્સની રશીદ-મોબાઈલ તથા છડીયાની ચોરી કરી પલાયન થઈ જતાં શુકવારે બંને મંદિરોમાં દોડધામ મચી ગઈ હતી. અર્બુદા માતાજી મંદિરના ચોકીદારને માર મારી છરી બતાવી ચુપ કરી દીધો હતો ત્યાર બાદ તસ્કરોએ ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ભક્તિનગરમાં આવેલા ગોમતીવાડ બ્રાહ્મણની કુળદેવી અર્બુદા માતાજીના મંદિરમાં ગુરૂવારે રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી તરખાટ મચાવ્યો હતો. જેમાં મંદિરના ચોકીદાર બાબુજી જીવાજી બરંડાને ગળાના ભાગે પાઈપ મારી તથા છરી બતાવી ચુપ કરી દીધો હતો. અને મંદિરની ભંડારની પેટી નીચેથી તોડી બધી જ રકમ તથા ચોકીદારના રૂમમાંથી ચોકીદારના પેન્શનની રકમ રૂ. ૪૫૦૦ તથા રૂ. ૫૦,૦૦૦ની બેંક ફીક્સ ડીપોઝીટની રશીદ-પેન્શનબુક મોબીલ-૧ તથા ઘડીયાળની ચોરી કર્યા બાદ રેલવે સ્ટેશન પાસે આવેલા બાપા સીતારામ મંદિરને તસ્કરોએ નીશાન બનાવ્યું હતું. જેમાં ચાંદીનું છત્ર તલવાર-ડીવીડી નંગ-૨ તથા ભંડારની રકમ મળી કુલ રૂ. ૧૮,૦૦૦ ની ચોરી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અર્બુદા માતાજીનું મંદિર પોલીસ સ્ટેશની પાછળ જ આવેલું છે જયારે બાપા સીતારામ મંદિરમાં બે વર્ષ અગાઉ શિયાળામાં જ ચોરી થવા પામી હતી.

અર્બુદા માતાજી મંદિર તથા બાપાસીતારામ મંદિર પર ત્રઆટકેલી તસ્કર ટોળકીએ મચાવેલ તરખાટ અંગેની જાણ ખેડબ્રહ્મા પોલીસ થતા શહેરનું પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. અનેઆ અંગે તપાસ હાથ ધરી હતી. અર્બુદા માતાજી મંદિરના ચોકીદાર બાબુજી બરંડાએ ટ્રસ્ટીઓને જાણ કરતાં ટ્રસ્ટીઓ સહીત સમાજના આગેવાનો મંદિરે દોડી ગયા હતા.

હિંમતનગર સર્વોદય બેંકના ચેરમેન પદે ચૂંટાયા

હિંમતનગર સર્વોદય બેંકની સ્થાપના બાદ પ્રથમ વખત યોજાયેલ

ચેરમેન પદની ચૂંટણીમાં બે ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. જેમાં અબ્દુલ રઉફ અહમદભાઈ સાબુગર (વકતાપુરવાળા) પોતાના હરીફ ઉમેદવાર અ. રજાકભાઈ અ. રસુલભાઈ જાંખવાલાને ૮૫ મતોથી હરાવીને વિજયી બનતાં પટણી સુન્ની વોરા જમાતમાં આનંદની લાગણી પ્રસરી છે. ચેરમેન પદે વિજય હાંસલ કરનાર અ.રઉફ સાબુગર બેંકના ડીરકેટર પદે અનેક વખત ચૂંટાઈને આવી ઉમદા સેવા બજાવી ચૂકયા છે.

ખેડબ્રહ્મામાં મા અંબાનો પોષી પૂનમે પ્રાગટ્ય દિન ઉજવાશે

ખેડબ્રહ્મા, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માનું અંબાજી યાત્રાધામ નાના અંબાજી તરીકે જગ વિખ્યાત છે. પોષી પૂનમે મા અંબાનો પ્રાગટ્યોત્સવ ભારે ધામધૂમથી ઉજવવામાં આવશે. ઉત્સવની ઉજવણીના ભાગરૂપે અન્નકુટ-નવચંડી-ભજનકિર્તન તથા મંદિર રેકોરેશન માટે અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

પોષી પૂનમે મા અંબાનું પ્રાગટ્ય થયું હતું. ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બીપીનચંદ્ર જે. શુકલના જણાવ્યા અનુસાર પોષી પૂનમના દિવસે મા અંબાનો પ્રાગટ્યોત્સવ ઘણા વર્ષથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૬ જાન્યુઆરીને ગુરૂવારના રોજ મા ભગવતીનો પ્રાગટ્ય દિન ઉજવવામાં આવશે. વિવિધ વાનગીઓ સુકામેવા-ફરસાણ તથા ફળફળાદી ધરાવી અન્નકુટ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. મા અંબાના પ્રાગટ્ય દિવસે અન્નકુટ તથા મા અંબાના દર્શન કરી શ્રદ્ધાના ડંકા વગાડી માઈભક્તો ધન્યતા અનુભવે છે.

પોષી પૂનમના અન્નકુટનાં દર્શનું વિશેષ મહત્વ છે તથા માઈભક્તો તેને એક લ્હાવો માને છે. પ્રાગટ દિવસે નવચંડીનું પણ આયોજન કરવામાં આવે છે.

હિંમતનગરમાં કેબલ યુધ્ધના ભણકારા : છેલ્લા બે દિવસથી રાત પડતાં જ કેબલ કાપી નખાય છે

કેબલ ઓપરેટરોએ પોલીસને જાણ કરી

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર શહેરમાં છેલ્લા બે દિવસથી સાંજ પડતાં જ કેબલ ટીવીમાં અંધારપટ છવાઈ જાય છે જેને કારણે કેબલ ટીવીના ઉપભોકતાઓમાં ભારોભાર અસંતોષ જોવા મળી રહ્યો છે. પરંતુ ટીવી બંધ થવા પાછળ કેટલાક ઈસમો મેઈન કેબલ સાંજ પડતા જ કાપી નાખતા હોવાનું જાણવા મળી રહ્યું છે. કેબલ ઓપરેટરોએ આ અંગે પોલીસને નામ જોગ જાણ કરી છે.

આ અંગે મળતી વિગતવાર માહિત અનુસાર હિંમતનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ખૂલે આમ કહી શકાય તેવી રીતે કેબલ ટીવીના મેઈન કેબલ કાપી નાંખવામાં આવી રહ્યા છે.જેને કારણે શહેરીજનો દર્શકો તો હાલાકીમાં મૂકાયા છે. પરંતુ કેબલ ઓપરેટરો પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. બે-એક વર્ષ અગાઉ શહેરમાં જોવા મળેલ કેબલ યુધ્ધમાં જે વ્યકિતઓનો ઉપયોગ થયો હતો તે વ્યકિતઓ દ્વારા ખંડણી ઉઘરાવવા આ કૃત્ય કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. છેલ્લા બે દિવસથી મેઈન કેબલ કાપી નાખવામાં આવતા ન્યુસન્સ કહી શકાય તેવા તત્વો દ્વારા સમગ્ર શહેરમાં બાનમાં લેવાની પૂર્વ ભૂમિકા તૈયાર કરવામાં આવી રહ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે અને કેબલવોર ના ભણકાર સંભળાઈ રહ્યા છે. છેલ્લા બે દિવસ દરમિયાન ગુંડા તત્વો દ્વારા જે પલીતો ચાંપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેમાં અંદાજે રૂ. દોઢ લાખથી વધુનુ નુકશાન થયું હોવા અંગે કેબલ ઓપરેટરોએ ટાઉન પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી છે.

ટાઉન પીઆઈ વાટલીયા ને આ અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે પીએસઆઈને તપાસ સોંપવામાં આવી છે. કેબલ કપાય છે તે સાચી વાત છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે થોડા સમય અગાઉ બૂટલેગરોએ સતત બે દિવસ સુધી શહેરને બાનમાં લીધું હતું અને હવે કેબલ ઓપરેટરો પાસેથી ખંડણી ઉઘરાવાની મંશા સાથે કેબલ કાપી નાંખવાનું શરુ કરાયું છે. ત્યારે પોલીસ દ્વારા શરૂઆતમાં જ આ પ્રવૃત્તિને ડામી દેવામાં નહીં આવે તો દૂરોગામી પરીણામો માટે શહેરીજનોએ તૈયાર રહેવું પડશે.

આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ રાજકોટ ખાતે ઈ.સ. ૧૯૨૧ માં સ્થાપેલ રાષ્ટ્રીય કુમાર શાળાના ૭૪ બાળકો, શિક્ષક મિત્રો તથા આચાર્યએ બનાસ ડેરીની મુલાકાત ૭મી જાન્યુઆરી-૨૦૧૪ના રોજ લીધી હતી. આ શાળામાં ખુબ જ ગરીબ વર્ગના બાળકો અભ્યાસ કરે છે. તેઓને સંસ્થાના ચેરમેનશ્રીને મળવાની ઈચ્છા હોવાથી ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળ અને મેનેજીંગ ડીરેકટર શ્રી સંજય કરમચંદાની તેમને મળ્યા અને બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. બાળકો ડેરીની મુલાકાતથી ખુબજ પ્રભાવિત થયા હતા. ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળ અને મેનેજીંગ ડીરેકટરશ્રીએ બાળકો ભણી ગણીને ઉચ્ચ શિક્ષણ મેળવે અને દેશના વિકાશમાં પોતાનું યોગદાન આપે તેવી શુભેચ્છા પાઠવી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

મહેસાણા ખાતે અપંગ માનવ પતંગ ઉત્સવ યોજાયો

સાસંદ શ્રીમતી જયશ્રીબેન પટેલે આજે અત્રે જણાવ્યું હતું કે અપંગ માનવ એ આપણા સમાજનું એક અંગ છે અને તેને પણ આપણી સમાજ વ્યવસ્થામાં સાથે રાખીને ઉત્સવોની ઉજવણી કરવી જોઈએ.

આ પતંગ મહોત્સવનો પ્રારંભ મહેસાણાના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતેથી શ્રીમતી જયશ્રીબેન પટેલે કરાવ્યો ત્યારે ઉપસ્થિત સૌ કોઈ પતંગ રસિયાઓમાં એક ઉત્સાહ અને આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલના હસ્તે અપંગ બાળકોને પતંગો અને દોરીની કિટ અને તલ સુખડી આપવામાં આવી હતી. આ પ્રસંગે પુર્વ મંત્રીશ્રી ખોડાભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

રાવળાવાસ ગામે સરકારી જમીનોનો સર્વે હાથ ધરાયો



દાંતીવાડા, તા. ૧૦

દાંતીવાડા તાલુકાના રાવળાવાસ ગામે સરકારી જમીનોનો કલેક્ટરના આદેશથી સર્વે હાથ ધરાયો છે, સ્થળ પર મામલતદાર, સર્વેયર તેમજ મોટો પોલીસ કાફલો હાજર જોવા મળ્યો હતો

મળતી માહિતી મુજબ આજ રોજ તાલુકાના રાવળાવાસ ગામે સરકારી પડતર સર્વેનંબર ૭૦/૧ ની કુલ જમીન ૫,૮૮,૮૩ હે.આર.ચો.મી.ની માપણી કરવાની કામગીરી કલેક્ટરના આદેશના પગલે હાથ ધરાઈ છે. જેમાં દાંતીવાડા મામલતદાર, ડી.આઈ. આર.ડી.ના સર્વેયર તેમજ પોલીસનો મોટો કાફલો એકત્રિત થયેલો જોવા મળ્યો હતો. જમીન માપણી કરતી વખતે વચ્ચે આવતા નાના મોટા ઝાડવા તેમજ કાંટાની વાડો જેસીબી વડે દૂર કરાઈ હતી. આ બધુ જોઈ ગામના લોકોના ટોળા એકત્રિત થયા હતા. અને લોકોમાં આ માપણી કોઈ ઉદ્યોગને ફાળવી હોવાની ચર્ચાઓ થવા લાગી હતી. જેના પગલે ગામ લોકો દ્વારા કલેક્ટર સાહેબને અરજી પણ કરાઈ છે, જેમાં લોકોએ જમીન ઉદ્યોગને ના ફાળવવા માટે વિરોધ કર્યો હતો. જો આ જમીન ઉદ્યોગી ફેક્ટરીયોને ફાળવવામાં આવશે તો તેને લઈ ઘોઘાટ, પ્રદૂષણ, કેમિકલ જેવા અનેક પ્રકારના નુકસાનનો ભોગ અમારે બનવુ ંપડશે. અમારા બાળકોને અભ્યાસમાં આરોગ્ય, પશુપાલન તેમજ ખેતીવાડી પર ભારે નુકસાની અસર થશે. અને ખાસ વાત એ કે અમારા ગામમાં ગામતળની જમીની અછત હોઈ ગામના લોકોને વસવાટની ભવિષ્યમાં ભારે મુસીબત વેઠવી પડશે, અમે લોકો અગાઉ પણ દાંતીવાડા ડેમમાં ખેતી તેમજ રહેઠાણની જમીન સોનાના ભાવની ખોઈ ચુક્યા છીએ અને ફરી ના રઝળી જઈએ તે માટે આપ સાહેબને અરજ કરીએ છીએ કે આ જમીન અમોને રહેઠાણના પ્લોટમાં ફાળવાય, આ પ્રકારે ગામ લોકો દ્વારા આ બાબતે વિરોધ કરાયો હતો.

દામાવાસ હાઈસ્કૂલમાં નેત્ર નિદાન અને બ્લડ ગ્રુપ ચેકઅપ કેમ્પ યોજાયો



(વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

લક્ષ્મીપુરા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ ગામમાં સ્થિત એન.પી. ધોળુશાન તીર્થ વિદ્યાલયમાં સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજીત નેત્ર નિદાન સારવાર કેમ્પ તેમજ બ્લડ ગ્રૂપ ચેકઅપનો કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં દામાવાસની આજુબાજુના ગામડાઓ માંથી જરૂરીયાત મંદ દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવ્યા હતા. ઉપરાંત મોતિયાના દર્દીઓને ઈડરની આત્મ વલ્લભ હોસ્પિટલ ખાતે ઓપરેશન અને નેત્રમણી મુકવા માટે મોકલી આપ્યા હતા. કેમ્પમાં કુલ ૫૫૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. જ્યારે ૪૮ મોતીયાના અને ૩૬૨ ચશ્માના દર્દીઓ માલુમ પડ્યા હતા. આ ઉપરાંત ૧૪૦ વિદ્યાર્થીઓને બ્લડ ગૃપ ચેક કરવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મામાં ઝડપાયેલ બે બોગસ કલાર્ક બે દિવસના રીમાન્ડ પર

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં મંગળવારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની માનવ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી ટુલ કીટ સહાય યોજના અમલમાં છે. આ ટુલ કીટના બોગસ ઓર્ડર આપી વિજયનગરના ૬૦ થી ૭૦ લાભાર્થીઓને ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં બોલાવવામાં આવ્યા હતા અને ઉદ્યોગ કેન્દ્રના કલાર્ક તરીકે ઓળખ આપી હતી અને બાદમાં દરેક લાભાર્થી પાસેથી ટુલ કીટના ભાડાના ખર્ચા પેટે લાભાર્થી પાસેથી ઉઘરાણું ચાલુ કર્યું હતું. જેને લઈ લાભાર્થીઓને છેતરપીંડી થઈ રહી હોવાની શંકા જતા ભાંડો ફુટતા વિજયનગરના લાભાર્થીએ આ બંને રમેશગીરી રત્નગીરી ગોસ્વામી અને ડાહ્યાભાઈ રામજીભાઈ પરમાર વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેમને ખેડબ્રહ્મા પોલીસ દ્વારા બુધવાર સાંજના ખેડબ્રહ્મા કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની માંગ કરતા તેમને બેદિવસમાં રીમાન્ડ આપવામાં આવ્યા હતા.

ડૉ. ઈલાબેન પાઠકના નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ અમદાવાદ વુમન એક્શન ગ્રુપના સંસ્થાપક ડૉ. ઈલાબેન પાઠકના નિધનના સમાચાર જાણી ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે શોકસંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ ડૉ. ઈલાબેન પાઠક જીવનપર્યંત મહિલા જાગૃતિના કાર્યોમાં સક્રિય રહ્યા હતા. તેમના નિધનથી સમાજે મહિલાઓના અધિકારો માટે હંમેશા ચિંતા સેવનાર એક કર્મઠ મહિલા અગ્રણીને ગુમાવ્યા છે. ઈશ્વર દિવંગતની આત્માને ચિર શાંતિ આપે અને તેમના કુટુંબીજનો અને સ્નેહીજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે, તેવી તેમણે પ્રાર્થના કરી છે.

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં સુરક્ષાસેતુ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સંયુક્ત ઉપક્રમે હિંમતનગર ખાતે રાજ્ય કક્ષાના પ્રજાસત્તાકદિનની ઉજવણી યોજાનાર છે ત્યારે ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ/અંગ્રેજી/ગુજરાતી માધ્યમ, આર.જી.બારોટ બી. એડ્. કોલેજ, એલ.આર.રાવ પી.ટી.સી. કોલેજ, આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યુ.કોલેજ, અક્ષર સ્કૂલ ઓફ નર્સિંગ (એ.એન.એમ.)ના વિદ્યાર્થીઓ અને તાલિમાર્થીઓ ધ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૧૪ ના પ્રથમ સપ્તાહમાં સુરક્ષાસેતુ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ અને તાલિમાર્થીઓ ધ્વારા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસના પટાંગણ સહિત આજુ-બાજુના વિસ્તારમાંથી પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ જેવી કે, બોટલ, થેલી, પાઉચ, પડીકી, કપ વિગેરે ચીજવસ્તુઓ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ અને તાલિમાર્થીઓ ધ્વારા એકત્ર કરવામાં આવી હતી.ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના વાહન મારફતે કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પ્રભાવતી હાઈસ્કૂલમાં નાતાલ પર્વની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૯

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ કડી દ્વારા તા. ૨૬-૧૨-૨૦૧૩ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગ સુશોભન,શાન્તા ક્લોઝની વેશભૂષા, પોસ્ટર દ્વારા સ્કૂલને સજાવવામાં આવી સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા દરેક વર્ગની કામગીરી બિરદાવવામાં આવી ત્યાર બાદ ડૉ. બાબુલાલ આર. પટેલે અને શાળા શિક્ષકશ્રીઓ દ્વારા પ્રેમ, દયા, શાંતિનાદૂત ભગવાન ઈસુના જન્મ દિવસની દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી અને કેક કાપી ચોકલેટ દ્વારા સર્વનું મોં મીઠું કરવામાં આવ્યું હતું.

સમગ્ર પર્વની સફળતાપૂર્વક આયોજન બદલ આચાર્યશ્રીએ શિક્ષકશ્રીઓનો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરી સર્વને શુભેચ્છા પાઠવી હતી.

ડૉ. આર.એમ. પટેલ પી.ટી.સી. કોલેજ કડીમાં નાતાલ પર્વની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ, એસ.વી. કેમ્પસ કડીમાં નાતાલ પર્વની ઉજવણી થઈ. જેમાં તાલીમાર્થી ભાઈઓ-બહેનોએ નાતાલ પર્વને અનુરૂપ પ્રાર્થના, ગીતો તેમજ નાતાલ પર્વનું મહત્વ ભગવાન ઈસુએ આપેલા જીવનમંત્રો વગેરેની રજૂઆત કરી હતી. સાથે સાથે કોલેજમાં વર્ગ સુશોભન વેસ્ટમાંથી બેસ્ટ દ્વારા વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ભાઈઓએ શાન્તાક્લોઝ બની દરેકને ચોકલેટ આપી તેમજ વિવિધ વેશભૂષા સાથે કાર્યક્રમ રજૂ કર્યો. કાર્યક્રમના અંતે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. બાબુલાલ આર. પટેલે પ્રાસંગિક પ્રવચન આપી તાલીમાર્થીઓને આશીર્વચનો પાઠવ્યા હતા. આમ નાતાલ પર્વની ઉજવણી દ્વારા પ્રશિક્ષણાર્થીઓએ સર્વધર્મ સમભાવની ભાવના વ્યક્ત કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન